જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૩/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૯/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૩ લીટર દેશી દારૂ, ૩૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૦ બીયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૪૬૧/૧૭**

**સેટેલાઇટઃ** ધર્મેન્દ્રભાઇ વિશાલભાઇ પટેલ (રહે.શીવરંજની સોસાયટી સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૩/૧૭ કલાક ૮/૩૦ થી તા.૪/૩/૧૭ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પ્રેરણાતીર્થ દેરાસર પાસે સગુન કાસા કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાન નંબર-૦૧ ધરણી એજન્સી નામની પોતાની દુકાનના દરવાજાની લોખંડની કોલરશેપર ગેટનો લોક તોડ્યા વગર પહોળો કરી, અંદરના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી રોકડ રૂપિયા ૧,૨૭,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.યુ.મસી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૪૬૨/૧૭**

**બાપુનગરઃ** નરેન્દ્રકુમાર પ્રભુદયાલ જયસ્વાલ (રહે.વલ્લભ ફ્લેટ, ધનવંતરી હોસ્પિટલની બાજુમાં, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૩/૧૭ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર સમજુબા હોસ્પિટલની સામે આવેલ ડાયમંડ સ્ક્વેર નામની સાઇડના ગેટ પાસે લોડીંગ રીક્ષા લઇને આવેલ બે પુરૂષો ગેટ પાસે પડેલ ઓપ્ટીકલ ફાઇબરના બે રોલ HDPE DUCT 40 MM ના કિમત રૂપિયા ૬૦,૦૦૦/- લોડીંગ રીક્ષામાં ભરી ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રામોલઃ** ભરતભાઇ વ્રજલાલ સોરઠીયા (ઉ.વ.૫૭)(રહે.શ્રધ્ધા ડુપ્લેક્ષ સાંઇબાબાના મંદિરની બાજુમા બરોડા એકસપ્રેસ હાઇવે સી.ટી.એમ.) તા.૪/૩/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા કાકા ભાજીપાઉ પાસે રાજદિપ પાર્ક સોસાયટીની સામેથી પોતાની ગાડી ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ અને એકટીવા ઉપર આવેલા પુરૂષોએ ભરતભાઇની ગાડી રોકી, તેમના એકટીવા સાથે ગાડીની ટક્કર લાગી છે તેમ કહી બોલા-ચાલી કરી ભરતભાઇની નજર ચુકવી ગાડીમાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- સાથેની થેલી ચોરી કરી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ ભરતભાઇ સોરઠીયાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઈ.સોલંકી ચલાવે છે.

**જી.આઇ.ડી.સી.વટવાઃ** સુભાષભાઈ જગદીશભાઈ ભાર્ગવ (રહે.ગ્રીન એકર્સ પ્રહલાદનગર વેજલપુર) એ તા.૪/૩/૧૭ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૩/૧૭ કલાક ૨/૫૦ વાગ્યાના સુમારે વટવા જી.આઇ.ડી.સી.કલર અન્ટ લીમીટેડ કંપની ફેઝ-૨ ના ખુલ્લા કમ્પાઉન્ડમાંથી ત્રણ પુરૂષો એસીડના પાવડરની થેલી નંગ-૩૭ કિમત રૂપિયા ૨,૯૫,૩૩૪/- મતાની ચોરી કરી  લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૩/૧૭</u>**

**સોલા હાઇકોર્ટઃ** મંજુલાબહેન ભરતભાઇ પંચાલ (રહે.કિર્તી ટેનામેન્ટ, જગતપુર રોડ ચાંદલોડીયા) તા.૨૧/૨/૧૭ બપોરના ૧/૦૦ વાગ્યાનાં સુમારે ચાંદલોડીયા વિનાયક ફ્લેટ પાસે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો મંજુલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૪,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન પંચાલે તા.૪/૩/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૬૪/૧૭</u>**

**નરોડાઃ** હિરાભાઇ જગેશ્વર કોરી (ઉ.વ.૨૦)(રહે. જયા મજુરી કામ મળે ત્યા સાઇટ ઉપર) તા.૩/૩/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ-૪ નટરાજ એન્જીનીયર્સની સામે આવેલ આર.સી.સી.ના નવા રોડ બનાવવાનુ કામકાજ કરતા હતા દરમ્યાન હિરાભાઇના હાથમાં રાખેલ લેવલ કરવાની એલ્યુમીનીયમની ૧૫ ફુટની પટ્ટી ઉંચી કરતા, જી.ઇ.બી. ઇલેક્ટ્રીક લાઇનને પટ્ટી અડી જતાં, હિરાભાઇને કરંટ લાગતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપલબાબુ ચોખેલાલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)